Extra No. 189

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 2, 2025 / JYAISTHA 12, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**ના તારીખઃ **૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીએસ/૨૦૨૫/૨/જીએડી/એડીએમટીવી/ઈ-ફાઈલ/૧/૨૦૨૩/૪૧૫૧/કોમ્પ્યુટર સેલ-પીએફ૧.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

Aadhar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2016

આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ હેઠળ

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫

આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬.

ક્રમાંક: જીએસ/૨૦૨૫/૨/જીએડી/એડીએમટીવી/ઈ-ફાઈલ/૧/૨૦૨૩/૪૧૫૧/કોમ્પ્યુટર સેલ-પીએફ૧:- ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયએ, આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૫૩ થી મળેલી સત્તાની રૂએ, તારીખ: ૫ મી ઓગસ્ટ, ૨૦૨૦નું જાહેરનામા ક્રમાંક. જીએસ.આર.૪૯૦(ઈ). બહાર પાડીને, સુશાસન (સમાજ કલ્યાણ, નવીનતા, જ્ઞાન) માટે આધાર પ્રમાણીકરણ નિયમો, ૨૦૨૦ ઘડયાં છે;

અને ગુજરાત સરકારનો સામાન્ય વહીવટ વિભાગ (જેનો આમાં હવે પછી, 'સદરહુ વિભાગ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ઓનલાઈન જોબ એપ્લિકેશન સિસ્ટમ (ઓજસ) અને જીપીએસસી-ઓજસ પોર્ટલ (જેનો આમાં હવે પછી 'એપ્લિકેશન' અથવા 'પોર્ટલ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) પોર્ટલ પર નોંધણી દરમિયાન અને ગુજરાત સરકાર દ્વારા યોજાતી ભરતીના વિવિધ તબક્કાઓમાં અરજદારોની ઓળખ સ્થાપિત કરવા માટે સ્વૈચ્છિક ધોરણે આધાર પ્રમાણીકરણની સુવિધા આપવા માટેનું સંચાલન કરે છે.

અને પ્રમાણીકરણ વિકલ્પોમાં હા/ના અને/અથવા ઈ-કેવાયસી પ્રમાણીકરણનો સમાવેશ થાય છે, જેનો અમલ ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી), ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (જીએસએસએસબી), ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, પોલીસ ભરતી બોર્ડ અથવા આ હેતુ માટે ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત અન્ય કોઈપણ ભરતી બોર્ડ (જેનો આમાં હવે પછી 'અમલીકરણ એજન્સી/એજન્સીઓ' અથવા 'એજન્સીઓ' તરીકે ઉલ્લેખ કર્યો છે તેના) દ્વારા કરવામાં આવે છે.

અને, એપ્લિકેશન/પોર્ટલ હેઠળ, અરજદારો, ગુજરાત સરકારમાં વિવિધ નોકરીની ખાલી જગ્યાઓ અને ખાતાકીય પરીક્ષા માટે ૨૪/૭ ઓનલાઈન અરજી કરી શકે છે (જેનો આમાં હવે પછી "લાભ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારમાં નોકરીની ખાલી જગ્યાઓ અને ખાતાકીય પરીક્ષાના પાત્ર અરજદારો (જેનો આમાં હવે પછી "લાભાર્થીઓ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને, ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયએ તારીખ: ૧૮મી ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ બહાર પાડેલા પરિપત્રના પરિશિષ્ટ ૧ અને પરિશિષ્ટ ૨ માં જણાવેલી માર્ગદર્શિકા અનુસાર અમલીકરણ એજન્સીઓ દ્વારા આપવામાં આવે છે;

તેથી, હવે, સુશાસન (સમાજ કલ્યાણ, નવીનતા, જ્ઞાન) માટે આધાર પ્રમાણીકરણ નિયમો, ૨૦૨૦ના નિયમ ૫ સાથે વાંચતાં, આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬ના ૧૮મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪ની પેટા-કલમ (૪)ના ખંડ (ખ)ના પેટા-ખંડ (૨) અનુસાર, ગુજરાત સરકાર, આથી, નિયમ ૪ હેઠળ દરખાસ્તની સ્વીકૃતિ પર કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ અધિકૃતતા અને આધાર (પ્રમાણીકરણ) વિનિયમો, ૨૦૧૬, આધાર ડેટા સુરક્ષા નિયમન, ૨૦૧૬, આધાર (માહિતીનું શેરીંગ) વિનિયમો ૨૦૧૬ અને આ અર્થે બહાર પાડેલા પરીપત્રો અને જાહેરનામા અનુસાર નીચેની બાબતો જાહેર કરે છે:-

૧. રાજ્ય સરકારે ગુજરાત સરકાર દ્વારા યોજાતી વિવિધ નોકરીની ખાલી જગ્યાઓ અને ખાતાકીય પરીક્ષાઓ માટે અરજી કરનારા પાત્ર અરજદારો માટે હા/ના અને/અથવા ઈ-કેવાયસી પ્રમાણીકરણનો અમલ કરવાનો ઠરાવ કર્યો છે.

૨. લાભાર્થીઓ માટે ઓનલાઈન જોબ એપ્લિકેશન સિસ્ટમ (ઓજસ) અને જીપીએસસી-ઓજસ પોર્ટલ/એપ્લિકેશન પર આધાર નોંધણી ઈ-કેવાયસી મારફતે પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ, એસ્ટાબ્લિશ્ડ ડિસિઝન-મેકિંગ વર્કફ્લો (નિર્ણય પ્રક્રિયા વિષયક સ્થાપિત કાર્યપદ્ધતિ) અનુસાર બાયોમેટ્રિક ચકાસણી, આઈરિસ સ્કેન, ફેસ સ્કેન અથવા ઓટીપી ચકાસણીનો ઉપયોગ કરીને આ જ પોર્ટલ/એપ્લિકેશન દ્વારા લાભાર્થીઓનું પ્રમાણીકરણ કરવામાં આવશે.

૩. ગુજરાત સરકારની વિવિધ પરીક્ષા પ્રક્રિયામાં ભાગ લેનારા લાભાર્થીઓની ઓળખ ચકાસવા માટે આધાર પ્રમાણીકરણનો ઉપયોગ કરવામાં આવશે.

૪. હાલની મંજૂરીમાં હા/ના અને/અથવા ઈ-કેવાયસી પ્રમાણીકરણ સુવિધાઓ બંનેનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારનો સામાન્ય વહીવટી વિભાગ આ હેતુ માટે સબ-એયુએ તરીકે સેવા આપશે.

૫. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે આથી નિયત કરે છે કે બાયોમેટ્રિક, આઇરિસ સ્કેન, ફેસ સ્કેન અથવા ઓટીપી આધારિત આધાર પ્રમાણીકરણ સંપૂર્ણપણે સહાયક રીતે અથવા નિયંત્રિત પરિસ્થિતિમાં કરવામાં આવશે.

૬. અધિનિયમની કલમ ૨૯ અનુસાર પ્રમાણીકરણના હેતુ માટે લાભાર્થીઓની સંમતિ મેળવવામાં આવશે. આધાર નંબર અને સંબંધિત માહિતી કયા હેતુ માટે માંગવામાં આવી રહી છે તેની લાભાર્થીઓને સ્પષ્ટ રીતે જાણ કરવી આવશ્યક છે. ખાસ કરીને, જે રીતે આધાર નંબર એકત્રિત કરવામાં આવશે અને તેનો ઉપયોગ કરવામાં આવશે તે સ્પષ્ટપણે લાભાર્થીઓને જણાવવામાં આવશે.

૭. વાંધા/અપવાદ અંગે તજવીજ સંબંધિત જોગવાઈઓનો અમલ સદરહુ અધિનિયમની જોગવાઈઓ અને તેની સાથે સંકળાયેલા વિનિયમોનું કડક અનુપાલન કરીને કરવામાં આવશે.

૮. આધાર પ્રમાણીકરણનો ઉપયોગ માત્ર સ્વૈચ્છિક ધોરણે કરવાની પરવાનગીને કારણે લાભાર્થીઓને ઓળખ ચકાસણી માટે, આધાર સિવાયના વિકલ્પો સહિત, વૈકલ્પિક પદ્ધતિઓ વિશે જાણ કરવામાં આવશે.

૯. આધાર આધારિત પ્રમાણીકરણની નિષ્ફળતાના આધારે કોઈ પણ અરજદારને પરીક્ષામાં ભાગ લેવા માટે પ્રતિબંધિત કરવામાં આવશે નહીં અને ઓળખ ચકાસણીની વૈકલ્પિક પદ્ધતિઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૧૦. કોઈ પણ સંજોગોમાં આધાર નંબર સિસ્ટમમાં પ્રદર્શિત કરવામાં આવશે નહીં. લાગુ પડતું હોય ત્યાં, આધાર નંબરના માત્ર છેલ્લા ચાર આંકડા જ જાહેર કરી શકાશે.

૧૧. લાભાર્થીઓની ઇ-કેવાયસી માહિતી કોઈપણ સંજોગોમાં સ્ક્રીન પર દર્શાવવામાં આવશે નહીં અને લાગુ પડતા ડેટા સંરક્ષણ કાયદાના કડક અનુપાલનમાં માત્ર નામ, જન્મનું વર્ષ અને અન્ય જરૂરી વસ્તી વિષયક વિગતો દર્શાવવી .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રોનક મહેતા,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.06.28 13:09:32 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar